સીડીપી-૩ યોજના અંતર્ગત જુની તાલુકા પંચાયત (નવરચિત સિવાય)ના નવા સ્ટાફ ક્વાર્ટર્સ બનાવવા માટે અંદાજપત્ર વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૩૦/- કરોડની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈને ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:- અદજ/૧૧૨૦૨૦/ન.બા./૪૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તા. 29 DEC 2021

વંચાણે લીધા :-

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક :- પરચ-૧૦૨૦૧૦-ન.બા.૧-જ, તા.૩-૭-૨૦૧૦.

ઠરાવ :-

રાજ્યની જિલ્લા તથા તાલુકા પંચાયતોના માળખાને સંગીન બનાવવા માટે ઉપર વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૦૩/૦૭/૨૦૧૦ના ઠરાવથી અમલમાં મૂકાયેલ સીડીપી-૩ યોજના અંતર્ગત જિલ્લા/તાલુકા પંચાયતોની કચેરીને માળખાગત સુવિધાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે.

આ યોજના મુજબ રાજ્યની જુની તાલુકા પંચાયતો(નવરચિત સિવાય)ના તાલુકા વિકાસ અધિકારીશ્રી નિવાસસ્થાન તથા વર્ગ-૩ના સ્ટાફ-ક્વાટર્સ જુના, જર્જરિત તેમજ રીપેરીંગને પાત્ર ન હોઈ આ અંગે જરૂરી માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય તેમજ નવીન સ્ટાફ ક્વાટર્સ બાંધકામ માટે અનુદાન આપી શકાય તે હેતુથી આ વિભાગના વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં સીડીપી-૩ યોજના હેઠળ જનરલ સદરે રૂ.૨૦.૦૦/- કરોડ અને ટ્રાઇબલ સદરે રૂ.૧૦.૦૦/- કરોડ મળીને કુલ રૂ.૩૦.૦૦/- કરોડની નવી બાબત તરીકે જોગવાઈ કરવામાં આવેલ છે.

આ જોગવાઈ અન્વયે ખર્ચ કરી શકાય તે માટે વહીવટી મંજૂરી આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ રાજ્ય સરકાર દ્વારા આ

જોગવાઈ અન્વયે ખર્ચ કરવા માટે નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) નવીન ક્વાટર્સ(તાલુકા વિકાસ અધિકારીશ્રીનું નિવાસ-સ્થાન + વર્ગ-૩ના સ્ટાફ-ક્વાટર્સ)બાંધકામના કુલ ખર્ચમાં નક્કી થયેલ નીતિ પ્રમાણે રાજ્ય સરકારનો હિસ્સો ૭૦% અને તાલુકા પંચાયત સ્વભંડોળ/અન્ય સ્ત્રોતનો હિસ્સો ૩૦% રહેશે.

(૨) રાજ્યની જે તાલુકા પંચાયત(નવરચિત સિવાય) કચેરીમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ વર્ગ-૩ કર્મચારીઓના ક્વાટર્સ બનેલા ન હોય તેમને અગ્રતા આપવાની રહેશે.

(૩) રાજ્ય સરકાર દ્વારા જાહેર થયેલ ટ્રાઈબલ અને પછાત તાલુકા પંચાયતોને અગ્રતા આપવાની રહેશે.

(૪) તાલુકા પંચાયત કચેરીએ કુલ બાંધકામના ખર્ચના ૩૦% હિસ્સાની સ્વભંડોળમાંથી ચૂકવણી કરવા અંગે તાલુકા પંચાયતના બજેટમાં જરૂરી જોગવાઈ કરી તે અંગેનો ઠરાવ કરવાનો રહેશે.

(૫) નવીન સ્ટાફ ક્વાટર્સ બાંધકામ માટે થનાર કુલ ખર્ચમાં ઓછામાં ઓછો ૫૦% હિસ્સો આપનાર જનરલ વિસ્તારની તાલુકા પંચાયત(નવરચિત સિવાય)ને પ્રાધાન્ય/અગ્રતા આપવાની રહેશે.

(૬) નવીન બનનાર તાલુકા વિકાસ અધિકારીશ્રી નિવાસ-સ્થાન અને વર્ગ-૩ સ્ટાફ ક્વાટર્સ માટે વીજળી, પીવાના પાણીનું કનેક્શન, ગટર જોડાણ તેમજ અન્ય જરૂરી સુવિધાઓ સંબંધિત તાલુકા પંચાયતે મેળવવાની રહેશે અને ક્વાટર્સ નિભાવણી કરવા અંગેનો સંબંધિત તાલુકા પંચાયતે ઠરાવ કરવાનો રહેશે.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રીના નવીન ક્વાટર્સનું બાંધકામ માર્ગ અને મકાન વિભાગના તા.૧૩/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : એસીડી/૧૧૯૮/૧૧૭૦/(૩૧)/ન.૧, થી નક્કી કરાયેલ ડી- ટાઈપની કક્ષા મુજબ જ કરવાનું રહેશે તેમજ વર્ગ-૩ના સ્ટાફ-ક્વાટર્સનું બાંધકામ ૬-યુનિટનો એક બ્લોક એમ (જી+૨) માળ મુજબ કરવાનું રહેશે.

(૮) તાલુકા પંચાયત દીઠ નવીન ક્વાટર્સ માટે અલગ અલગ મંજૂરી મેળવવામાં આવે ત્યારે ટાઈપ-ડિઝાઈન સાથેના નકશા-અંદાજો રજૂ કરવાના રહેશે.

(૯) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં થયેલ બજેટ જોગવાઈ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૧૧) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૨) રેલવે, નેશનલ હાઈવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧૩) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગો અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૧૬) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૮) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૯) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૧) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં સામાન્ય સદરે "બજેટ હેડ-૭૦-૨૫૧૫-૦૦-૧૦૧-૦૯(સીડીપી-૩)-તાલુકા/જિલ્લા પંચાયતોનું વહીવટી તંત્ર સંગીન બનાવવું" હેઠળ થયેલ રૂ.૨૦.૦૦/- કરોડ તથા ટ્રાઇબલ સદરે "બજેટ હેડ-૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૦૧(સીડીપી-૩)-તાલુકા/જિલ્લા પંચાયતોનું વહીવટી તંત્ર સંગીન બનાવવું" હેઠળ થયેલ રૂ.૧૦.૦૦/- કરોડની જોગવાઇમાંથી કરવાનું રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૮/૧૨/૨૦૨૧ તથા સરકારશ્રીની તા.૧૭/૧૨/૨૦૨૧ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ વાળા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પંચાયત)(સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ આપની તાબા હેઠળની કચેરીઓમાં પરિપત્રીત કરવા સારૂ.
૪. નાણા સલાહકારશ્રી(પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
૬. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
૭. બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સિસ્ટમ મેનેજરશ્રી, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા અર્થે.
૯. શાખા સિલેક્ટ ફાઇલ (૨ નકલ).

-----